શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?




ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






7.5% CASHBACK UP TO ₹5000 | DOWN PAYMENT ZERO* | EXCHANGE BONUS UP TO ₹2000^
RATE OF INTEREST 6.99%* | NO HYPOTHECATION*

Amardeep Honda
B/s. Vikas Petrol Pump, Surat-Olpad Road, Olpad, Surat.
Help Line : 88663 56000 / 88668 56000



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૧ * * * સંવત ૨૦૮૦ ફાગણ વદ નોમ, બુધવાર ૩ એપ્રિલ, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૧૧૮ પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# પતંજલિની ભ્રામક જાહેરાતો પર સુપ્રીમે રામદેવને ખખડાવ્યા

**અદાલતે** કહ્યું તેમણે માગેલી માફી માત્ર ઔપચારીકતા

**સુપ્રીમે** પૂછ્યું: તેમની સામે શા માટે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ

**આ મામલાની** સુનાવણી 10 એપ્રિલ સુધી મુલતવી, રામદેવ અને બાલકૃષ્ણને ફરીથી હાજર થવું પડશે

**નવી દિલ્હી, તા. 2 (PTI):** સર્વોચ્ચ અદાલતે મંગળવારે ભ્રામક જાહેરાતો મૂકવા બદલ પતંજલિ આયુર્વેદને ભારે ઠપકો આપ્યો હતો, યોગ ગુરુ રામદેવ અને ફર્મના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણની માફીને 'માત્ર ઔપચારિકતા' તરીકે નકારી કાઢી અને તેમને ખોટી જુબાની આપવા સામે ચેતવણી આપી હતી.

રામદેવ અને બાલકૃષ્ણ બંને કારણ બતાવો નોટિસના સંબંધમાં કોર્ટમાં હાજર હતા જેમાં પૂછાયું હતું કે તેમની સામે શા માટે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ.

બેન્ચે આ મામલાની સુનાવણી 10 એપ્રિલ સુધી મુલતવી રાખી હતી અને કહ્યું હતું કે રામદેવ અને બાલકૃષ્ણને ફરીથી હાજર થવું પડશે.


તેમને સોગંદનામું ફાઈલ કરવા માટે છેલ્લા એક સપ્તાહની તક આપતા, અદાલતે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં તેની સમક્ષ આપેલી બાંયધરીનું પાલન ન કરી અવજ્ઞા કરી હોવાની સખત નોંધ લીધી.

રામદેવ અને તેમના સાથી બાલકૃષ્ણને સખત ઠપકો આપતા જસ્ટિસ કોહલીએ કહ્યું કે કોર્ટ તેમની માફી 'અવિશ્વાસ' સાથે જોઈ રહી છે.

બેન્ચે પતંજલિ, રામદેવ અને બાલકૃષ્ણને ચેતવણી પણ આપી હતી કે તે 'જૂઠાણા'ની નોંધ લેશે કારણ કે અમુક દસ્તાવેજો, જે અન્ય કાગળો સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે, તે પછીથી બનાવવામાં આવ્યા હતા.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે પતંજલિ દ્વારા ચોક્કસ બાંયધરીનું પાલન ન કરવું અને ત્યારપછીના મીડિયા નિવેદનોએ બેન્ચને નારાજ કરી હતી.

મંગળવારે, કોર્ટે બાલકૃષ્ણના નિવેદનને સખત રીતે નકારી કાઢ્યું હતું કે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ (મેજિક રેમેડીઝ) એક્ટ 'જૂનું' છે અને કહ્યું હતું કે પતંજલિ આયુર્વેદની જાહેરાતો અદાલતને આપવામાં આવેલી બાંયધરીનો ભંગ કરે છે. અદાલતે તેમને પરિણામો ભોગવવા માટે તૈયાર રહેવા ચેતવણી આપી હતી.





### પતંજલિની ભ્રામક જાહેરાતો પર કેન્દ્રની નિષ્ક્રિયતા પર સુપ્રીમ નારાજ

જસ્ટિસ હિમા કોહલીની આગેવાની હેઠળની બેન્ચે જે સમયે કોવિડનું સંક્રમણ ટોચ પર હતું તે દરમિયાન પતંજલિના તેના ઉત્પાદનોની અસરકારકતા અને એલોપેથીને બદનામ કરવા અંગેના ઉંચા દાવાઓ અંગે કેન્દ્રની કથિત નિષ્ક્રિયતા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો અને કહ્યું કે શા માટે સરકારે આ બાબતે 'આંખો આડા કાન' કરવાનું પસંદ કર્યું.

### પતંજલિએ અદાલતમાં ભ્રામક જાહેરાતો ન આપવા બાયંધરી આપી હતી

પતંજલિ આયુર્વેદ લિમિટેડે ગયા વર્ષે 21 નવેમ્બરે સર્વોચ્ચ અદાલતને ખાતરી આપી હતી કે તે તેના દ્વારા ઉત્પાદિત અને માર્કેટિંગ ઉત્પાદનોની જાહેરાત અથવા બ્રાન્ડિંગ સંબંધિત કાયદાનો ભંગ કરશે નહીં. તેણે બેન્ચને ખાતરી પણ આપી હતી કે 'દવાની અસરકારકતાનો દાવો કરતા અથવા દવાની કોઈ પણ પ્રણાલી વિરુદ્ધ કોઈ પણ પ્રકારના નિવેદનો મીડિયાને કોઈપણ સ્વરૂપમાં જાહેર કરવામાં આવશે નહીં.'

### પતંજલિની જાહેરાતના કેસમાં મુખ્ય વાતો

- સુપ્રીમે પતંજલિના રામદેવ અને બાલકૃષ્ણની માફી 'ઔપચારીકતા' ગણાવી અને તેને સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.
- સુપ્રીમે પતંજલિ દ્વારા અગાઉ અદાલતને આપેલી બાંયધરીનું પાલન ન કરવા માટે તેમની 'સંપૂર્ણ અવજ્ઞા'ની સખત નોંધ લીધી.
- સુપ્રીમે કોવિડ પીક દરમિયાન પતંજલિના તેના ઉત્પાદનોની અસરકારકતા અને એલોપેથીને બદનામ કરવા અંગેના દાવાઓ અંગે કેન્દ્રની કથિત નિષ્ક્રિયતા પર પ્રશ્ન ઉઠાવ્યો.
- સુપ્રીમે કહ્યું કે અવમાનનાનો કેસ ચલાવવાનો હેતુ વ્યક્તિને એ અહેસાસ કરાવવાનો છે કે કાયદો બધાથી ઉપર છે.
- સુપ્રીમે કહ્યું કે કોર્ટ સમક્ષ આપવામાં આવેલી બાંયધરીનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ.

## હવાઈ દળના હેલિકોપ્ટરોએ જમ્મુ કાશ્મીરમાં હાઈવે ઉપર લેન્ડિંગ અને ટેક-ઓફની કવાયત કરી



**જમ્મુ** અને કાશ્મીર ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટીને કાર્યરત કરનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો

**શ્રીનગર, તા. 2 (PTI):** હાલમાં જ ભારતીય હવાઈ દળમાં સામેલ કરાયેલા અમેરિકામાં ઉત્પાદિત ચિનોક સહિત પાંચ હેલિકોપ્ટરોએ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર લેન્ડિંગ કરી હતી, ઈમરજન્સી લેન્ડીંગ ફેસિલીટી કવાયતના ભાગરૂપે આ અભ્યાસ કરાયો હતો. જમ્મુ કાશ્મીરમાં આ પ્રકારની આ પ્રથમ કવાયત છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

આ સાથે જમ્મુ અને કાશ્મીર ઇમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ઈએલએફ) ને કાર્યરત કરનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો. આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન એવા ત્રણ રાજ્યો છે જ્યાં આ ઇમરજન્સી લેન્ડિંગ પટ્ટો હાલમાં કાર્યરત છે.

અમેરિકામાં ઉત્પાદિત બે ચિનોક, એક રશિયન નિર્મિત એમઆઈ-17 અને ભારતીય હવાઈ દળના (આઈએએફ) બે એડવાન્સ લાઇટ હેલિકોપ્ટર (એએલએચ) કાશ્મીરને દેશના બાકીના ભાગ સાથે જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગના વાનપોહ-સંગમ પટ પર મંગળવારની વહેલી સવારે ઉતર્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આખી કવાયત સવારે 2.50 વાગ્યે સમાપ્ત થઈ હતી, જે દરમિયાન હેલિકોપ્ટર હાઈવે પર ઉતર્યા હતા અને જમીન પર પડેલા સૈનિકોને ઉપાડવાની કવાયત હાથ ધરી હતી, કવાયત કોઈ પણ સમસ્યા વિના યોજવામાં આવી

...અનુસંધાન પાના 11 પર



### ભારતીયોમાં કેન્દ્રીય સ્થૂળતા ડાયાબિટીસના ઉચ્ચ પ્રસાર સાથે જોડાયેલી છે

કેન્દ્રીય વિજ્ઞાન પ્રધાન અને વડા પ્રધાન કાર્યાલયમાં રાજ્ય પ્રધાન ડો જીતેન્દ્ર સિંહ ખુદ એક પ્રશિક્ષિત ડાયાબિટોલોજીસ્ટ છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં બોલતાં સિંહે જણાવ્યું હતું કે, ભારતીયોમાં કેન્દ્રીય સ્થૂળતા ડાયાબિટીસના ઉચ્ચ પ્રસાર સાથે જોડાયેલી છે. આ કેવી રીતે આનુવંશિક લક્ષણ હોવું જોઈએ તે વિશે વાત કરતાં વિદેશમાં બે પેઢીઓથી રહેતા ભારતીયોમાં પણ તે હાજર છે. મંત્રીએ કહ્યું કે, ભારતીયોએ છ ગજની સાડીઓ અને ઘૂંટણની લંબાઈના કુર્તાવડે કેન્દ્રીય સ્થૂળતાને છુપાવવાની સ્માર્ટ રીતો શોધી કાઢી છે. ચોક્કસપણે, ડો. સિંહ રાજકારણમાં પ્રવેશ્યા અને કેન્દ્રીય પ્રધાન બન્યા તે પહેલાં જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના જમ્મુ શહેરમાં એક પ્રતિષ્ઠિત ડાયાબિટોલોજીસ્ટ હતા, પરંતુ તે એર રહસ્ય પ્રગટ થાય છે કે, તેઓ સ્ત્રીઓની ડ્રેસ સેન્સ પ્રત્યે એટલા સચેત છે કે જેનો સંબંધ સ્થૂળતા છુપાવવા સાથે છે. શક્ય છે તેઓ આગામી સમયમાં ટેક્સટાઈલ મંત્રી બનશે.

### પુરી તેમની પત્નીના પુસ્તક વિમોચન સમારોહમાં મંત્રી તરીકે નહીં, પરંતુ એક આજ્ઞાકારી પતિ તરીકે હાજર રહ્યા

ભૂતપૂર્વ રાજદ્વારી લક્ષ્મી

...અનુસંધાન પાના 11 પર

## કેજરીવાલે જેલમાં પ્રથમ રાત્રિ બેચેન થઈને પસાર કરી

**તેઓ** રાત્રે કોટડીમાં આંટા મારી રહ્યા હતા બાદમાં થોડીક વાર માટે સૂઈ ગયા હતા

**કેજરીવાલનું** સુગર લેવલ લો રહેતા તેઓ ડોક્ટરોની નજર હેઠળ છે

**નવી દિલ્હી, તા. 2 (PTI):** દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, જેમને એક્સાઈઝ પોલિસી કેસમાં 15 એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે, તેમણે તિહાર જેલમાં 14 બાય 8 ફિટની કોટડીમાં તેમની પ્રથમ રાત્રી બેચેનીથી પસાર કરી હતી અને માત્ર થોડીવાર માટે સૂઈ ગયા હતા, એમ જેલના એક અધિકારીએ જણાવ્યું હતું.

કેજરીવાલને સોમવારે સાંજે 4 વાગ્યે તિહાર જેલમાં લાવવામાં આવ્યા હતા અને તેમની કોટડીમાં મોકલતા પહેલા તેમની તબીબી તપાસ કરવામાં આવી હતી. તે સમયે તેમનું સુગર લેવલ 50થી નીચે હતું અને ડોક્ટરોની સલાહ પર તેમને દવાઓ આપવામાં આવી હતી, એમ જેલ અધિકારીઓના જણાવ્યું હતું.

એશિયાની સૌથી મોટી જેલમાં બંધ ભારતના પ્રથમ વર્તમાન મુખ્યમંત્રીને જેલ નંબર બેમાં રાખવામાં આવ્યા છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીને બપોરે ચા આપવામાં આવી હતી અને રાત્રિભોજન માટે ઘરે રાંધેલું ભોજન પીરસવામાં આવ્યું હતું, તેમને ગાદલું, ધાબળા અને બે ઓશિકા આપવામાં આવ્યા છે, એમ મંગળવારે એક સૂત્રએ જણાવ્યું હતું.

તેઓ થોડા સમય માટે સિમેન્ટના પ્લેટફોર્મ પર સૂઈ ગયા હતા અને મોડી રાત્રે તેમની કોટડીમાં ચાલતા જોવા મળ્યા હતા, એમ સૂત્રએ જણાવ્યું હતું.

સવારે પણ કેજરીવાલનું સુગર લેવલ ઓછું હતું અને તેઓ તિહાર જેલના ડોકટરોની નજર હેઠળ છે, જેલ અધિકારીઓએ જણાવ્યું હતું. તેમને લંચ અને ડિનરમાં ઘરે બનાવેલો ખોરાક લેવાની છૂટ છે અને જ્યાં સુધી તેમનું સુગર લેવલ સામાન્ય ન આવે ત્યાં સુધી દરરોજ તેમને તે પીરસવામાં આવશે.

## ઈલેક્ટ્રોલ બોન્ડ્સના વેચાણ અને રિડેમ્પશનની પ્રક્રિયાને જાહેર કરવાથી ABIનો ઈન્કાર

**સુપ્રીમે** એસબીઆઈને ઈબીની તમામ વિગતો જાહેર કરવા કહ્યું છે છતાં તે આ યોજનાના સંચાલનની મહત્વપૂર્ણ વિગતો આપવાથી ઈન્કાર કરે છે તે આંચકો આપનાર છેઃ અરજીકર્તા

**નવી દિલ્હી, તા. 2 (PTI):** સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ (એસબીઆઈ) 'વેપારીક ગોપનીયતા' હેઠળ આપવામાં આવેલી મુક્તિને ટાંકીને, તેની અધિકૃત શાખાઓને જારી કરાયેલા ચૂંટણી બોન્ડના વેચાણ અને રિડેમ્પશન માટેની તેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાને જાહેર કરવાનો ઈનકાર કર્યો છે, એમ આરટીઆઈના એક જવાબમાં કહેવાયું હતું.

માહિતીનો અધિકાર (આરટીઆઈ) કાયદા હેઠળ દાખલ કરવામાં આવેલી અરજીમાં, પારદર્શિતા ચળવળકાર અંજલિ ભારદ્વાજે એસબીઆઈની અધિકૃત શાખાઓને ચૂંટણી બોન્ડના વેચાણ અને રિડેમ્પશન પર જારી કરવામાં આવેલી સ્ટાન્ડર્ડ પ્રક્રિયાની વિગતો માગી હતી.

'અધિકૃત શાખાઓને સમયાંતરે જારી કરાયેલ ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ-2018ની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા(એસઓપી) એ ઈલેક્ટોરલ બોન્ડના વેચાણ અને રિડેમ્પશન (માત્ર આંતરિક સર્ક્યુલેશન માટે જ છે) સંબંધી આંતરિક માર્ગદર્શિકા છે, જેને (ડી) માહિતીનો અધિકાર કાયદાની કલમ 8(1) હેઠળ મુક્તિ આપવામાં આવી છે', એસબીઆઈના વરિષ્ઠ અધિકારી એમ કન્ના બાબુએ, 30 માર્ચે જવાબ આપ્યો હતો.

કાયદાની કલમ 8(1)(ડી) 'વેપારીકક ગોપનીયતા, વેપારના રહસ્યો અથવા બૌદ્ધિક સંપદા સહિતની માહિતીને જાહેર કરવાથી મુક્તિ આપે છે, જેનો ખુલાસો તૃતીય પક્ષની સ્પર્ધાત્મક સ્થિતિને નુકસાન પહોંચાડશે સિવાય કે સક્ષમ અધિકારી સંતુષ્ટ ન થાય કે આવી માહિતીનો ખુલાસો જાહેર હિત માટે જરૂરી છે.'

આ જવાબથી નારાજ અંજલિ ભારદ્વાજે કહ્યું હતું, 'આ બાબત આંચકો આપનાર છે કે ચૂંટણી બોન્ડ યોજનાને અબંધારણીય ગણાવીને સર્વોચ્ચ અદાલતે રદ કરી હતી અને ઈલેક્ટ્રોલ બોન્ડની ખરીદી અને તેને વટાવવાની તમામ વિગત જાહેર કરવા માટે સખત આદેશ આપ્યા હોવા છતાં એસબીઆઈ ઈલેક્ટ્રોલ બોન્ડ્સ યોજનાના સંચાલનની મહત્વપૂર્ણ વિગતો આપવાથી ઈન્કાર કરે છે.'

## બાલ્ટીમોરના પુલ સાથે અથડાયેલા જહાજના ક્રૂ સભ્યો તપાસ પૂરી ન થાય ત્યાં સુધી જહાજ પર રહેશે

**ક્રૂ સભ્યો** જહાજ પર પોતાની સામાન્ય ફરજોમાં વ્યસ્ત છે

**ન્યૂયોર્ક, તા. 2 (PTI):** ગયા અઠવાડિયે બાલ્ટીમોરના એક પુલ સાથે અથડાયેલા ક્ષતિગ્રસ્ત કન્ટેનર જહાજના 20 ભારતીય અને શ્રીલંકન ક્રૂ સભ્યો પોતાની સામાન્ય ફરજોમાં વ્યસ્ત છે અને અકસ્માતની તપાસ પૂરી ન થાય ત્યાં સુધી જહાજ પર જ રહેશે, એમ જહાજની માલિકી ધરાવતી કંપનીએ કહ્યું હતું. કન્ટેનર જહાજ ડાલી 26 માર્ચની વહેલી સવારે બાલ્ટીમોરમાં પટાપ્સકો નદી પરના 2.6 કિ.મી. લાંબા ફોર લેન 'ફ્રાન્સિસ સ્કોટ કી' પુલ સાથે અથડાયું હતું. 984 ફૂટનું કાર્ગો જહાજ શ્રીલંકાના કોલંબો જઈ રહ્યું હતું.




પુલ સાથે અથડાયાની થોડી જ મિનિટો પહેલાં, જહાજ પર સંપૂર્ણ અંધારપટ થઈ ગયો હતો, જે દર્શાવે છે કે જહાજે એન્જિન પાવર અને ઇલેક્ટ્રિ લ પાવર ગુમાવી દીધી હતી, એમ અમેરિકાના મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું. 'એ વાતની પુષ્ટી થઈ છે કે જહાજ પર 21 ક્રૂ સભ્યો હતો. ક્રૂ સભ્યો જહાજ પર પોતાની સામાન્ય ફરજોમાં વ્યસ્ત છે અને જહાજ પર ચાલી રહેલી તપાસમાં સહયોગ કરી રહ્યા છે', એમ એક

...અનુસંધાન પાના 11 પર

## ફિનલેન્ડની શાળામાં 12 વર્ષીય વિદ્યાર્થીએ ગોળીબાર કર્યો, એકનું મૃત્યુ, બે ઈજાગ્રસ્ત

**પોલીસે** શકમંદ વિદ્યાર્થીની અટકાયત કરી

**હેલસિન્કી, તા. 2 (AP):** દક્ષિણી ફિનલેન્ડમાં મંગળવારની સવારે એક શાળામાં એક 12 વર્ષીય વિદ્યાર્થીએ ગોળીબાર કર્યો હતો જેમાં એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું જ્યારે અન્ય 2 ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. શકમંદ વિદ્યાર્થીને બાદમાં પકડી લેવામાં આવ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

સવારે 9.08 વાગ્યે ગોળીબારના સમાચાર મળ્યા બાદ સશસ્ત્ર પોલીસ જવાનોએ રાજધાની હેલસિન્કીના પાડોશમાં આવેલા વાંટા શહેરમાં આવેલી વિરટોલા શાળાને ઘેરી લીધી હતી જેમાં આશરે 800 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પોલીસે કહ્યું હતું કે પીડિતો અને શકમંદ બંને 12 વર્ષના હતા. એક વિદ્યાર્થીનું ગોળી



...અનુસંધાન પાના 11 પર

તા. ૦૨-૦૪-૨૦૨૪નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૨૪.૪° સે. | ૧૮% |